**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૬૩ ટકા

# નગરજનો નમસ્તે, કચરો ન ફેંકો રસ્તે

## શહેરમાં રોગચાળાને આમંત્રણ આપતી વ્યાપક ગંદકી : સ્માર્ટસીટી બન્યુ ગંદકીનગર

ગાંધીનગર, તા.૧૩

શ્રાવણ માસમાં નગરમાં ઠેર ઠેર ગંદકીને કારણે રોગચાળો ફેલાવાની દહેશત વધી છે. આપણામાં પારકાના દોષો જોવાની વૃત્તિ એટલી હદે પ્રબળ બની ગઈ છે કે આપણે જયારે કોઈ સામે આંગળી ચીંધીએ ત્યારે ભૂલી જઈએ છીએ કે ત્રણ આંગળી આપણા તરફ આપોઆપ ચીંધાઈ જતી હોવા છતાં આપણે તેની નોંધ કે દરકાર કરતા હોતા નથી. ગંદકીને કારણે રોગચાળો ફાટી પડે ત્યારે કે મચ્છર/માંકડનો ઉપદ્રવ વધે ત્યારે સામાન્ય રીતે નગરપાલિકા અને તેના સફાઈ કામદારોને જવાબદાર ગણવામાં આવે છે અને નગરપાલિકા અસરકારક રીતે કામ લઈ શકતી નથી તેવી બૂમરાણ મચાવવામાં આવે છે.

એક પણ ગંદકી નથી નગરપાલિકા દ્વારા થતી કે નથી તેના સફાઈ કામદારો થકી કરવામાં આવતી. આપણી માનસિકતા હંમેશા દોષો અન્યો ઉપર ઠાલવી દેવાની રહી છે. શહેરના નાગરિકો દ્વારા જ ઠેર ઠેર ગંદકી ફેલાવવામાં આવી રહી છે. આપણું આંગણું સાફ કરી પાડોશીના આંગણમાં કચરો ધકેલી દેવો, શાકભાજી કે ફળફળાદીના છોતરા જાહેર રસ્તા પર ઠાલવી દેવા, ફલેટના રહેવાસીઓ પોતાના ઘરનો કચરો ઉપરથી સીધો કે જાહેર રસ્તાની મધ્યે ફેંકે છે, પોતાનું આંગણું સ્વચ્છ રાખવા માટે પાણીથી તેનો ધોનારાઓ દ્વારા જાહેર રસ્તા ઉપર પાણી ઠલવાતું રહે છે. પાર્ટીમાં ચા-નાસ્તા કરી પેપર પ્લેટો અને ગ્લાસ ગમે ત્યાં ફેંકી દેવા પછી ભલે તે સ્થળ શહેરના બાગ-બગીચા કેમ ન હોય?

પાન-તમાકુ કે ગુટકા ખાનારા ગમે ત્યાં ગમે તે સ્થળે થૂંકતા રહે છે. રહેઠાણ કે ઓફિસમાં, થીયેટરો, બસ સ્ટેન્ડ કે રેલવે પ્લેટફોર્મ સીડીના ખૂણાઓ, ટેરેસ, બાલ્કનીઓ પણ લોકો માટે થૂંકદાનીઓ બની ગયા છે.

વાહન ઉપર જતાં પછી તે સાયકલ હોય કે સ્કૂટર વાહન ચલાવતા જ પીકચારી મારવી, કારમાંથી ચાલુ ગાડીએ ગાડી ચલાવતા દરવાજો ખોલી પાછળ કોઈ આવે છે કે કેમ તેની પરવા કર્યા વગર પીચકારી મારવી જાણે સરકસના ખેલ કરતા હોય તેવું જણાતું હોય છે. આ માત્ર નાના વાહનો વાળા જ નહીં પણ તોતીંગ કેરીયર કે ટ્રેકટર ચલાવનારા પણ આવા સાહસ કરતા રહે છે. ધૂમ્રપાન કરનારાઓ પણ ગમે તે જાહેર સ્થળે બસ-ટ્રેનમાં પણ અન્ય મુસાફરની અવગણના કરી ધુમાડો ઓકયા કરે છે અને બીડી-સીગારેટની રાખ અને થૂંઠા વેરતા રહે છે.





શહેરમાં ચોકકસ સ્થળોએ મોટા ડસ્ટબીન ગોઠવેલા છે પણ નાગરિકો તેમાં કચરો ઠાલવવાને બદલે તેની આજુબાજુ બહારના ભાગમાં કચરો ઠાલવતા રહે છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઘરે ઘરે જઈ રોજે રોજનો કચરો ઉઠાવી લેવા વ્યવસ્થા કરી હોવા છતાં લોકો કચરો ઘરની બહાર ઠાલવતા રહે છે. હોટલ, લારી, રેસ્ટોરા પણ ગંદકીના ઘર કરે છે. સમુહ ભોજન સમારંભ કોઈ પણ પ્રસંગે યોજાય ત્યારે સમિયાણાની કે વાડીની આજુબાજુ વિસ્તારમાં ગંદકી સર્જાતી હોય છે જેના વિષે સમારંભના આયોજકો કે તે સ્થળના કર્તા હર્તા વિચારતા જનથી.

નોન-વેજ ખાતા લોકો માટે જાહેર માર્ગો ઉપર વેચાતી લારીઓ પર માખીઓ મણમણતી હોય છે અને વાતાવરણમાં દુર્ગંધ પણ ફેલાતી રહી છે. આરોગ્ય ધામ તરીકે ઓળખાતી હોસ્પિટલનો પોતાનો જંતુયુકત કચરો આજુબાજુના વિસ્તારમાં ઠાલવી જાણે પોતાના માટે ગ્રાહકો-દર્દીઓ ઉભા કરી રહી હોય તેવું લાગે છે. શહેરીજનો આ તમામ બાબતોથી એટલી હદે ટેવાઈ ગયા છે કે ગંદકી, ગંદકી લાગતી જ નથી. તંત્ર દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત કામગીરીઓ કરાઈ રહી છે પરંતુ તેમાં શહેરના નાગરિકો સહયોગ આપવામાં પાછળ રહી ગયા હોય તેવા દશ્યો જોવા મળી રહ્યા છે. શહેરીજનોએ પોતાની આદતો સુધારીને જાહેર સ્વચ્છતા જાળવવા માટે જાગૃત રહેવું પડશે. તંત્રએ ગોઠવેલ કચરો એકત્રિત કરવાના સાધનોમાં (કચરાપેટી)માં જ કચરો નાંખવો, જયાં ત્યાં પ્લાસ્ટિકનો કચરો કે અન્ય ચીજ નહીં ફેંકવા, જાહેર માર્ગો પર ઘાસચારો વેરીને પશુઓને એકઠા નહીં કરવા, જયાં ત્યાં થૂંકવાની વૃત્તિથી દૂર રહેવું અને જન-જાગૃતિ ફેલાવવી જોઈએ તથા પબ્લિકના અસહયોગના બહાના કાઢીને તંત્રો છટકી શકે નહી તંત્રોની જવાબદારી જાહેર સ્વચ્છતા જાળવવાની અને રોગચાળો અટકાવવાની છે તે ભૂલવું ન જોઈએ.



## સે-૨૨ જૈન મંદિરે નેમિનાથ ભગવાનનું જન્મકલ્યાણક ઉજવાયું





આજે સવારે ગાંધીનગરના સેક્ટર-૨૨ જૈન દેરાસરના કમ્પાઉન્ડમાં શ્રી નેમિનાથ ભગવાનના જન્મકલ્યાણક મહોત્સવની ભવ્ય ઉજવણી કરાવામાં આવી હતી. રાષ્ટ્રસંત પૂ. પદ્મસાગર સૂરિજી મ.સા.આદિ શ્રવણ-શ્રમણી વૃંદની નિશ્રામાં યોજાયેલ આ ઉજવણીમાં નાટક, નૃત્ય, જોરદાર સંવાદ, સંગીતની રમઝટ ઝામી હતી. જેમાં જૈન સંઘના નાના મોટા બાળક - બાલિકાઓએ પ્રભાવક પ્રતિભાનું પ્રદર્શન કર્યુ હતુ. પ્રભુજીનો જન્મકલ્યાણક ઉજવવા સાથે જૈન સંઘને સુંદર ભાવ વિભોર વાણીનું શ્રવણ કરવાનો પણ અવસર પ્રાપ્ત થયો હતો.

## સોમવારે સેક્ટર-૧૨માં “ઉમા સમાજ ભવન” ખાતે “હેપ્પી રકતદાન શિબિર” યોજાશે

### શિબિરમાં રક્તદાન કરનાર પ્રત્યેક રકતદાતાઓનો વિના મૂલ્યે કોવિડ એન્ટીબોડી ટેસ્ટ કરી આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૩

ભારતના ૭૫મા સ્વાતંત્ર્ય મહોત્સવ નિમિત્તે “હેપ્પી યુથ કલબ” દ્વારા તા.૧૬મી ઓગસ્ટ, ૨૦૨૧ સોમવારના રોજ સવારે ૯.૦૦ થી બપોરના ૧.૦૦ વાગ્યા દરમ્યાન ગાંધીનગરના સેક્ટર-૧૨માં ઉમિયા માતાજીનાં મંદિરે “ઉમા સમાજ ભવન” ખાતે “હેપ્પી રક્તદાન શિબિર”નું આયોજન કરવામાં આવ્યું છે. આ “હેપ્પી રક્તદાન શિબિર”નો હેતુ યુવાનો સહિત જાહેર જનતામાં ભારતીય સંસ્કૃતિ અને ભારતીય સ્વાતંત્ર્યવીરો પ્રત્યે સન્માન અને ગર્વની ભાવના પેદા કરવાનો છે. આ રક્તદાન શિબિરમાં રકતદાન કરનાર તમામ રકતદાતાને પ્રમાણપત્ર સાથે “રકતદાતા પ્રોત્સાહન કિટ” આપી સન્માનીત કરવામાં આવશે. “હેપ્પી રક્તદાન શિબિર”માં રકતદાન કરનારા દરેક રકતદાતાનો વિના મૂલ્યે કોવિડ એન્ટીબોડી ટેસ્ટ કરી આપવામાં આવશે જેના થકી રકતદાતા પોતાને કોરોના થયો હશે તે અથવા વેકિસન લીધી હશે તો તેની કેટલી અસર થઈ છે તે જાણી શકશે. આ “હેપ્પી રકતદાન શિબિર”માં એકત્ર રકત જરૂરિયાતમંદ દર્દીઓને અકસ્માત, ઓપરેશન કે ગંભીર બીમારીની સારવાર જેવા અણીના સમયે જીવન બચાવવા ઉપયોગી નીવડશે.

## ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં ઓનલાઈન એક્સપર્ટ સેશન



ગાંધીનગર, તા. ૧૩

ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ બી.એડ. કોલેજમાં તાલીમાર્થીઓ માટે ઓનલાઈન એક્સપર્ટ સેશન યોજાયો હતો. જે વીણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. ડૉ. ધર્મેન્દ્ર પટેલ (તજજ્ઞ) દ્વારા વિવિધ માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડૉ. જિજ્ઞાસાબેન જોશી (એચ.ઓ.ડી) ડૉ. કુસુમબેન યાદવ (એચ.ઓ.ડી.), અધ્યાપકો, વિદ્યાર્થીઓ જોડાયા હતા. ડૉ. હરિકૃષ્ણ પટેલ અને ડૉ. વિભા દ્વિવેદીએ કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ. કાર્યક્રમના અંતે ડૉ. આશારાની આન્તોએ ઉપસ્થિત સર્વેનો સંસ્થા પરિવાર વતી આભાર વ્યક્ત કર્યો હતો.

## શહેર વસાહત મહાસંઘ બાળકોને સુખડી વિતરણ કરી સ્વાતંત્ર્ય દિન ઉજવશે

ગાંધીનગર, તા.૧૩

અંગ્રેજોથી ભારતને સ્વાતંત્ર્યતા પ્રાપ્ત થઈ તે અવસરને ૭૪ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે અને આગામી સ્વાતંત્ર્ય દિનથી દેશભરમાં એક વર્ષ સુધી ‘આઝાદીનો અમૃત મહોત્સવ’ ઉજવાશે. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવના પ્રારંભ પ્રસંગે તા.૧૫મી ઓગસ્ટ રવિવારે સવારે ૧૦ કલાકે રાષ્ટ્રીય પર્વની ઉજવણીના ભાગ રૂપે ‘માનવતા સહજ દિન’ તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત શહેરના ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી વર્ગના બાળકોને સુખડી વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. સુખડી વિતરણ કાર્યક્રમનો પ્રારંભ સેકટર-૨૨માં પંચદેવ મંદિર ખાતેથી કરાશે જેમાં સંસ્થાના હોદ્દેદારો એકઠાં થઈને પંચદેવ મંદિરે દર્શન કરી શહેરના તમામ સેવાવસ્તીના બાળકોને રૂબરૂ સુખડી મિઠાઈ વિતરણ કરવા જશે. આ કાર્યક્રમમાં શહેરના આગેવાનોને પણ જોડાવાં શહેર વસાહત મહાસંઘ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.




મહાત્મા મંદિર નજીક આવેલી ઝુંપડપટ્ટીને હટાવીને અહીંના રહેવાસીઓને અન્યત્ર ખસેડવામાં આવ્યા છે. જો કે તેઓનો આ આવાસોમાં પણ પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જીઆઈડીસી નજીક આવેલી આ વસાહતમાં ગટરનું ગંદુ પાણી વહી રહ્યું છે. વરસાદમાં પરિસ્થિતિ વધુ બદતર બની છે. રોગચાળાની અહીં દહેશત છે.

## વિક્રમ સારાભાઈ જન્મ જયંતિ અંતર્ગત બાલ વૈજ્ઞાનિકોની સંસદ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના ઉપક્રમે ભારતના પનોતા પુત્ર અને અવકાશ વૈજ્ઞાનિક ડૉ.વિક્રમ સારાભાઈની ૧૨ મી ઓગસ્ટે જન્મ જયંતિ અંતર્ગત ધોરણ ૫ થી ૯ ના જુદી જુદી શાળાના બાળકો જુદા-જુદા વૈજ્ઞાનિકોના પહેરવેશ સાથે જોડાયા હતા અને વૈજ્ઞાનિકોની સંસદમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ડૉ.વિક્રમ સારાભાઈ, અબ્દુલ કલામ, સ્ટીફન હોકીન્સ, હોમીભાભા, કલ્પના ચાવલા, સુનીતા વિલ્યમ્સ, થોમસ આલ્વા એડીશન, આઈન્સ્ટાઈન જેવા ૩૭ જેટલા વૈજ્ઞાનિકોના પહેરવેશ સાથે વિદ્યાર્થીઓ જોડાયા અને વિજ્ઞાન સંસદમાં તેમનો પરિચય અને વિજ્ઞાનક્ષેત્રે તેમને કરેલી કામગીરી વિષે સંસદમાં રજૂઆત કરી હતી. આ અનોખા કાર્યક્રમને જોવા માટે અને વિશેષમાં આ દિવશે વિજ્ઞાન સંસદને સાંભળવા વાલીઓ, શિક્ષકો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા. નિર્ણાયક તરીકે નરેશભાઈ ઠાકર અને ડૉ.અનિલભાઈ પટેલ હાજર રહ્યા હતા.






ડૉ. અનિલભાઈએ વિદ્યાર્થીઓને જુદા-જુદા વૈજ્ઞાનિકો એ કરેલ શોધો અને નોબલ પ્રાઈઝ વિષે વાત કરી હતી અને ડૉ. વિક્રમ સારાભાઈના જીવન અને તેમને કરેલી શોધો વિષે તેમજ તેમણે ગુજરાત માં સ્થાપેલી વિવિધ સંસ્થાઓ જેવી કે પિ.આર.એલ., વિક્રમ સારાભાઈ સાયન્સ સેન્ટર, ઈસરો, વિકસત, અટીરા વિષે માહિતી આપી હતી.

સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવનાર અંબા સ્કુલ ફોર એકસલન્સ, અડાલજની વિદ્યાર્થીની જીનલ એ. જાની જેઓએ થોમસ આલ્વા એડીશનનો રોલ ભજવ્યો હતો, બીજા ક્રમાંકે આવનાર હિલવુડ સ્કુલ ગાંધીનગરનો વિદ્યાર્થી નિકુંજ ગોર જેઓએ જગદીશચંદ્ર બોઝ નો રોલ ભજવ્યો હતો તેમજ ત્રીજા ક્રમાંકે આવનાર ગુજરાતી પ્રાથમિક શાળા હાલોલ ની વિદ્યાર્થીની આસ્થા નરેન્દ્રસિહ ચાવડા જેઓએ ઈસરોના મહિલા વૈજ્ઞાનિક ટેસી થોમસનો રોલ ભજવ્યો હતો. તેમજ આશ્વાસન ઈનામ તરીકે રીધમ પ્રજાપતિ જેઓએ નીલ આર્મસ્ટ્રોંગ અને જીયા શાહ કે જેઓએ રાજેશ્વરી ચેટરજીનો રોલ ભજવ્યો હતો.

ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા બેસ્ટ રજૂઆત કરનાર પ્રથમ ત્રણ વૈજ્ઞાનિકોને રોકડ ઈનામ તથા આશ્વાસન ઈનામ પણ આપવામાં આવશે.

## ઈન્ફોકીડ્સ પ્રિસ્કૂલમાં ૭૫મા સ્વતંત્રતા દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૧૩

ઈન્ફોકીડ્સ પ્રિસ્કૂલના બાળકોએ ભારતના ૭૫માં સ્વતંત્રતા દિવસની ઉજવણી વિશિષ્ટ રીતે કરી હતી. વિવિધતામાં એકતા દર્શાવતા વિવિધ રાજ્યોની વેશભૂષા સાથે સમાજને સંદેશ આપ્યો હતો. જેમાં ઘણા બાળકોએ ભારતના વડાપ્રધાન તેમજ વિવિધ પ્રતિષ્ઠિત વ્યક્તિઓની વેશભૂષા સાથે દેશભક્તિનું પ્રદર્શન કર્યુ હતુ.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. પટેલ રાજેન્દ્રકુમાર જસવંતભાઈ, ઉ.વ. ૪૭, રાયસણ
- સ્વ. સલાટ મનુભાઈ પ્રતાપભાઈ, ઉ.વ. ૪૫, સે-૨૯, છાપરાં
- સ્વ. યાજ્ઞિક બિપીનચંદ્ર હેમંતભાઈ, ઉ.વ. ૭૦, સેકટર-૨૩

## મંજુશ્રી રિસર્ચ ઈન્સ્ટિટયુટ ઓફ આયુર્વેદ કોલેજમાં યોગાભ્યાસ

ગાંધીનગર, તા.૧૩

પીંપળજ ગાંધીનગર ખાતે આવેલી ગોયન્કા હોસ્પિટલ સાથે સંલગન કોલેજ મંજૂશ્રી રિસર્ચ ઈન્સ્ટિટયુટ ઓફ આયુર્વેદ સાયન્સના વિદ્યાર્થીઓને ગુજરાત રાજયના યોગ બોર્ડના ટ્રેનર બનવા માટે યોગ કોચ દ્વારા અભ્યાસ શરૂ કરવામાં આવેલ છે. જેમાં સ્વતંત્રતા દિવસ પૂર્વે યોગ સાથે ભાવિ ડોકટરોએ ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી. આપણા હજારો વર્ષ પુરાણા આયુર્વેદ અને યોગનું મહત્વ લોકો સમજે અને યોગ એ સર્વના જીવનનું અભિન્ન અંગ બને તેવો સંદેશ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે યોગ સાથે સ્વતંત્રતાની ઉજવણીનો માહોલ ઉભો કરવામાં પ્રિન્સિપાલ ડૉ. હરેશ સોની તેમજ હોસ્પિટલના મેડિકલ સ્ટાફમાંથી ડૉ. પ્રેમજીભાઈ સાપાવડિયા અને ડૉ. અરવિંદ સિંઘ ઉપસ્થિત રહ્યા હતા.



## સરકારી વિજ્ઞાન કોલેજમાં ‘પેપર કિવલીંગ આર્ટ’નો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૩

સરકારી વિજ્ઞાન કોલેજમાં મહિલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણીના ભાગરૂપે સીડબલ્યુડીસી દ્વારા ‘પેપર કિવલીંગ આર્ટ’નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સંસ્થાની બહેનોએ ભાગ લીધો હતો. શ્રુતિબેન ઉપાધ્યાય (ટ્રેનર)એ બહેનોને સરસ સુશોભિત રાખડી, કાનમાં પહેરવાના ઝુમકા, ગિફટ કવર બનાવતા શીખવ્યુ હતુ અને વિદ્યાર્થીની બહેનોએ સુંદર રાખડી અને ઝુમકા બનાવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. એમ.જી. ભટ્ટ (આચાર્ય)ના માર્ગદર્શન હેઠળ ડૉ. કિરણ નિમાવત (સીડબલ્યુડીસી)ના ચેરમેન અને ડૉ. જયંતિ રાજોરાએ કર્યુ હતુ.

## જન્મદિને વધામણી



પ્રકાશ એસ અયાચી
મો. ૯૯૨૪૮ ૨૩૭૦૪



હેમંત દવે
મો. ૯૯૯૮૭ ૨૨૩૪૪



ભગવતીપ્રસાદ જી રાવલ
મો. ૯૯૭૮૧ ૬૭૬૮૮



હર્ષિત તરૂણકુમાર શુક્લ
મો. ૮૨૦૦૯ ૯૦૬૩૩



વાઘેલા કિરણસિંહ
મેનેજર - મુક્તિધામ, ગાંધીનગર, રેડક્રોસ - ગાંધીનગર



શાહ જૈનિકા જૈનેષભાઈ
મો. ૭૮૫૯૯ ૫૮૭૬૭



ઠાકોર તમન્ના દિલિપભાઈ

## આજના હિંડોળા

- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે ‘ધાણી મંડપ’ના હિંડોળા યોજાશે.
- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે ગુલાબી ઘટાના હિંડોળા યોજાશે.